| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૯/૦૭/૨૦૨૩ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### શાહપુર પોલીસ સ્ટેશન

શાહપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૩૨૧૦૯૪૩/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૦૨,૩૨૩,૨૯૪(ખ) મુજબના કામે ફરીયાદી ઈરફાનઅલી ગુલામઅલી શેખ રહે- મ.નં. એફ-૦૨, બુખારી કોમ્પલેક્ષ, મુસ્તુફા માર્કેટની સામે, મિરજાપુર શાહપુર અમદાવાદ શહેરનાઓના પિતા ગુલામનબી ગુલામકાદર શેખ ઉ.વ-૬૫ નાઓ ગઇ તારીખ- ૨૯/૦૬/૨૦૨૧ ના કલાક ૨૦/૦૦ વાગ્યાના સુમારે શાહપુર સરકીવાડ બુરખાપોશ મસ્જીદની આગળ ઓટલા ઉપર બેઠા હતા તે વખતે આરોપી મોહંમદઈલીયાસ શાબીરહુસેન શેખ ઉ.વ.૩૭ રહે-બુરખાપોશ મસ્જીદના મકાનમાં સરકીવાડ, શાહપુર અમદાવાદનાનો આવી ફરી.શ્રીના પિતા સાથે મસ્જીદની બહાર પાર્ક કરેલ વાહનો બાબતે બોલાચાલી ગંદી ગાળો બોલી ઝપાઝપી કરી શરીરે ગડદાપાટુનો મારમારી તથા પેડુના ભાગે લાત મારી ઇજા કરી મોત નિપજાવી તેમજ સાહેદ મુજ્જફર જાફરહુસેન શેખ ઉ.વ.૨૭ રહે- મ.નં.૪૫૧, સરકીવાડ,શાહપુર,અમદાવાદ શહેરનાઓ આ ઝગડામાં છોડાવવા વચ્ચે પડતા તેમને ગળાના ભાગે તેમજ જમણા હાથની કલાઈ ઉપર સાધારણ ઈજા કરી નાસી ગયેલ જે આરોપી પાછળથી પકડાઈ જતાં ઉપરોક્ત ગુનામાં પકડી અટક કરી સદરી આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા એકત્રીત કરી જે તે વખતના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર આર.એચ.વાળાનાઓએ નામ.કોર્ટમાં ચાર્જશીટ મોકલી આપેલ જે કેસ મે.એડી.સેશન્સ જજ સાહેબશ્રી એસ.વી.વ્યાસનાઓની કોર્ટ નં.૧૯ સેશન્સ કોર્ટ ભદ્ર અમદાવાદ નાઓની કોર્ટમાં સેશન્સ કેસ નં.૧૩૫/૨૦૨૨ થી ચાલી જતાં નામ.સેશન્સ કોર્ટે આરોપીને આજીવનકેદ ની સજા અને રૂ.૫૦૦૦/- ના દંડની સજા કરતો હુકમ તારીખ-૧૨/૦૭/૨૦૨૩ ના રોજ કરેલ છે. આ કામે સરકારશ્રી તરફે સરકારી વકીલશ્રી ડી.એમ.ઠાકોરનાઓએ દલીલો કરેલ છે. આમ, એક વ્યક્તિનો જીવ લેનાર આરોપીને સખત સજા કરાવવામાં તપાસ કરનાર અધીકારીશ્રી, તથા કોર્ટડ્યુટી કે જેઓએ સાહેદોને સમયસર નામ.કોર્ટમાં મુદ્દતે હાજર રાખી તેમજ સરકારી વકીલશ્રીએ ધારદાર દલીલો કરી કેસ સાબિત કરવામાં મહત્વપુર્ણ કામગીરી કરેલ છે.તારીખ-૧૯/૦૭/૨૦૨૩

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૮૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૬ લીટર દેશી દારૂ, ૧૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૮૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૧૮૫/૨૦૨૩

**નરોડાઃ** સુનિતાબહેન વા/ઓ હીતેશભાઇ ઠાકોર (ઉ.વ.૩૫) (રહે. બંગલા નંબર-૨૨ વૃંદાવન બંગ્લોઝ ગણેશ રેસીડન્સીની બાજુમાં નરોડા) તા.૧૮/૦૭/૨૦૨૩ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે નરોડા સ્મશાન ચાર રસ્તા કેનાલની નજીકમા આવેલ કડવા પાટીદાર વાડીની આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગની સ્પ્લેન્ડર જેવી મોટર સાયકલ ઉપર આવેલા બે પુરૂષ સુનિતાબહેન ઠાકોરના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ઝૂટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુનિતાબહેન ઠાકોરે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૧૮૬/૨૦૨૩

**દાણીલીમડાઃ** મોહંમદકુરેશ મોહંમદકૈશ શેખ (રહે. અંબાલાલ પટેલની ચાલી મચ્છી માર્કેટ રખીયાલ) ડીલીવરી બોય તરીકે નોકરી કરતા હોઈ તા.૧૫/૦૭/૨૦૨૩ રાતના ૮/30 વાગ્યાના સુમારે દાણીલીમડા પીરકમાલ ચાર રસ્તા પાસે આવેલ જોષીની ચાલીના નાકાં ખાતે પાર્સલનો થેલો એક્ટીવાના આગળના ભાગે મુકી એક્ટીવા પાર્ક કરી પાર્સલ ડીલીવરી કરવા ગયા હતા ત્યારે અજાણી વ્યક્તિ થેલો ચોરી કરી લઈ ગઈ હતી. જે થેલામાં અલગ-અલગ કલર તથા આઈએમઈઆઈ નંબરના એપલ કંપનીના આઈ ફોન ૧૩ મોડેલના સ્માર્ટ મોબાઈલ ફોન નંગ-૧૯ તથા એપલ કંપનીનુ એરપોડ્સ નંગ-૦૧ મળી કિમત રૂપિયા ૧૦,૬૭,૬૮૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ મોહંમદકુરેશ શેખ એ તા.૧૮/૦૭/૨૦૨૩ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**તળાવમાં/પાણીની ટાંકીમાં ડુબી જવાથી મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૭/૨૦૨૩**

**સાબરમતીઃ** રાણીપ બલોલનગર બ્રીજ નીચે વિકાસ પાન પાર્લર પાસે છાપરામાં રહેતા રજનીબહેન શીવજીભાઇ શર્મા નાઓનો ૧૧ વર્ષનો પુત્ર આગમ તા.૧૮/૦૭/૨૦૨૩ સાંજના ૭/00 વાગ્યા પહેલા ડી-કેબીન સાબરમતી બુલેટ ટ્રેન પ્રોજેક્ટના બનાવેલ તળાવમાં પાણીમાં ડુબી જવાથી તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદકુમાર ચંદુભાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ** બહેરામપુરા ગુલાબનગર ખાતે રહેતા સંજેશકુમાર કરણસિંહ રાઠોર નાઓની બે વર્ષની પુત્રી બાની તા.૧૮/૦૭/૨૦૨૩ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીક પાણીની ટાંકીમાં પડી ગઈ હતી. સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૮/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** પ્રમોદભાઇ ત્ર્યંબકભાઇ બોરસે (ઉ.વ.૪૧)(રહે. સમીરનગર મહેશ્વરીનગર પાર્ટ-૨ કિલ્લોલનગર પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે એલિસબ્રીજ પાસે ઘાટ નંબર-૮ રિવરફ્રંટ વોક-વે નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશભાઈ કાનજીભાઇ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** અરવિંદભાઈ સ/ઓ રામનરેશ જાટવ (ઉ.વ.૨૨) (રહે. મહાદેવનગર વિભાગ-૨ વનરાજ ફ્લેટ પાછળ ચાંદલોડિયા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૩ કલાક ૯/00 વાગ્યા પહેલા પોતાના રહેઠાણ ખાતે છતના ભાગે લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**બાપુનગરઃ** વસંત ઉર્ફે ડોંગો સ/ઓ ગણેશભાઈ પરમાર (ઉ.વ.૪૦) (રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૩ સવારના ૫/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

**ઓઢવ**ઃ પ્રિયંકાબહેન વા/ઓ નંદકિશોર નિશાદ (ઉ.વ.૨૬) (રહે. શેડ નંબર-૭૬ કૈલાસ એસ્ટેટ પામ હોટલ પાછળ રીંગ રોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૩ રાતના ૯/૦૦ થી ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે સંડાસમાં છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.ક્રિશ્ચયન ચલાવે છે.

**ઈસનપુર**ઃ મયુર સ/ઓ લાલચંદભાઈ ચુનારા (ઉ.વ.૧૭) (રહે. મ.ન.ડી/૩૧૧ પ્રધાનમંત્રી આવાસ યોજના રામગલી ચુનારાવાસ ભૈરવનાથ મણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૩ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે મણીનગર ભૈરવનાથ રામગલી ચુનારાવાસ પ્રધાનમંત્રી આવાસ યોજના ખાતે ૧૦૧ નંબરની દુકાનમાં છતના ભાગે લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે એસ.વી.પી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૭/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી